# અમદાવાદ-ઉદેપુર ને.હા.નં-૮ પર શામળાજી પાસે ટ્રાફિક જામ

## ઇમર્જન્સી સેવા માટે ટ્રાફિકજામ જીવલેણ બની શકે છે, સિક્સલેનની કામગીરીથી લોકો તોબા

દિલ્હીથી મુંબઈને જોડતો અમદાવાદ-ઉદેપુર ને.હા.નં-૮ સિક્સલેન બનાવવાનું કામકાજ પુરજોશમાં ચાલી રહ્યું છે સાથે અનેક જગ્યાએ રોડ ખોદવામાં આવ્યો હોવાની સાથે હાઈવે પર ઠેર ઠેર ડાયવર્જન પણ આપવામાં આવ્યા છે. હાઈવે પર દોડતા વાહનો ડાયવર્જનના પગલે અચાનક સામ સામે આવી જતા નાની-મોટી અકસ્માતની ઘટનાઓ બનતી રહે છે. શામળાજી નજીક આપવામાં આવેલ ડાયવર્ઝનના પગલે વારંવાર ટ્રાફિકજામ સર્જાતા વાહનચાલકો અને લોકો તોબા પોકારી ઉઠ્યા છે. ટ્રાફિકજામમાં ઈમરજન્સી સેવા મેળવવા માટે બાધારૂપ બની રહ્યો હોવાનો



શામળાજીના સ્થાનીક લોકોએ આક્ષેપ કર્યો હતો.

શુક્રવારે સવારે સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી પાસે નેશનલ હાઈવે પર ટ્રાફિકજામ સર્જાયો હતો. શામળાજીમાં ડાયવર્ઝનના કારણે ટ્રાફિક જામ થયો છે. નેશનલ હાઈવેનું સિક્સલેનમાં રુપાંતરીત કરવાની કામગીરી ચાલી રહી હોવાથી એક સાઈડ ૫ કીમીથી વધુ લાંબો ટ્રાફિકજામ સર્જાતા વાહનચાલકો અટવાઈ ગયા હતા. ટ્રાફિકજામ સર્જાતા પોલીસે તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી ટ્રાફિક પુર્વરત કરાયો હતો, કલાકો સુધી ટ્રાફિકજામમાં ફસાયેલા વાહનચાલકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

# પ્રાંતિજ ખાતે ઈદે મિલાદ પર્વ જુલુસ ઉપર પણ કોરોનાનું ગ્રહણ

**આ વર્ષે ઈદે મિલાદ જુલુસ નહી નિકળે : મુસ્લિમ બિરાદરો દ્વારા માત્ર મસ્જીદો અને ઘરો ઉપર રોશની કરાઈ**



પ્રાંતિજ, તા. ૩૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે રહેતા મુસ્લિમ બિરાદરો દ્વારા ઈદે મિલાદ પર્વ નિમિત્તે મસ્જીદો તથા મુસ્લિમ વિસ્તારોમાં રોશનીથી શણગારવામા આવ્યા તો ઈદે મિલાદ જુલુસ ઉપર કોરોનાનું ગ્રહણ લાગ્યું છે.

ઈસ્લામ ધર્મના સ્થાપક હઝરત મંહમ્બદ પયગમ્બર સાહેબના જન્મ દિનની ઈદે મિલાદ પર્વ નિમિત્તે મસ્જીદો તથા મુસ્લિમ વિસ્તારોમાં ઘરો સહિત વિસ્તારોમાં રોશનીથી શણગારવામા આવ્યા છે. જેમાં બારકોટ, જબુચોરા, વ્હોરવાડ, પઠાણવાડા, હજામચોરા સહિત વિસ્તારોમાં રહેતા મુસ્લિમ બિરાદરો દ્વારા રોશનીથી શણગાર કરવામાં આવ્યા છે. દર વર્ષે ઈદે મિલાદ પર્વ નિમિત્તે વ્હોરવાડ, પઠાણ વાડા, જબુચોરા, બારકોટ વગેરે વિસ્તારોમાંથી મુસ્લિમ બિરાદરો તથા જુલુસ કમીટી દ્વારા પ્રાંતિજના વિવિધ વિસ્તારોમાં નિકળતું જુલુસ આ વર્ષે કોરોનાની મહામારીને લઈને વધુ સંક્રમણ ના ફેલાય અને સરકારની ગાઈડલાઈન મુજબ મોકુફ રાખવામા આવ્યું છે.

# ચિતરીયા ગામેથી સગીરાનું અપહરણ કરાતા બે વિરૂધ્ધ ફરીયાદ

હિંમતનગર, તા.૩૦

વિજયનગર તાલુકાના ચિતરીયા ગામેથી બાર દિવસ અગાઉ ગામના જ બે શખ્સોએ એક સગીરાનું અપહરણ કરી તેણીની મરજી વિરૂધ્ધ જાયલા ગામે લઈ જઈ દુષ્કર્મ કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરીયાદ સગીરાએ ગુરૂવારે ચિઠોડા પોલીસ સ્ટેશનમાં નોધાવતા પોલીસે ઘટતી કાર્યવાહી હાથ ધરી છે

આ અંગે ચિતરીયા ગામની સગીરાએ નોધાવેલી ફરીયાદમાં કરેલા આક્ષેપ મુજબ ગત તા.૧૮ ઓક્ટોમ્બરથી ૨૫ ઓક્ટોમ્બર દરમિયાન ગામના જ શંકરભાઈ કમજીભાઈ મોડીયા તથા જાયલા ગામના વનરાજભાઈ ઈશ્વરભાઈ બરંડા નામના આ બે શખ્સોએ ૧૫ વર્ષની સગીરાનું વાલીપણામાંથી અપહરણ કરી લઈ ગયા હતા. અને આ સગીરાને શંકરભાઈ મોડીયાએ પોતાના ઘરે રાખી બળજબરી પુર્વક દુષ્કર્મ કર્યું હતું.

આ ઉપરાંત જાયલા ગામના વનરાજભાઈ બરંડા પણ દુષ્કર્મ કરીને સગીરાને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી જે અંગે સગીરાના વાલીવારસોને ખબર પડતા સગીરાનો કબ્જો મેળવી ચિતરીયા તથા જાયલાના મળી બન્ને નરાધમો વિરૂધ્ધ સગીરાના હસ્તે ચિઠોડા પોલીસ સ્ટેશનમાં દુષ્કર્મ સબબ ફરીયાદ નોધાવી હતી જેથી પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

**પોકેટ કોપ મોબાઈલ એપનો કમાલ**

# સગીરાનું અપહરણના ગુન્હામાં નાસતો-ફરતા યુવકને માલપુર પોલીસે દબોચ્યો

અરવલ્લી જીલ્લા પોલીસવડા સંજય ખરાતે અપહરણ, ગુમ થયેલ અને વણઉકેલ્યા ગુન્હાનો ભેદ ઉકેલવા અને નાસતા ફરતા આરોપીઓને



ઝડપી પાડવા જીલ્લા પોલીસતંત્રને માર્ગદર્શન અને સૂચના આપતા સ્થાનિક પોલીસ અને વિવિધ એજન્સીઓ સતત દોડધામ કરી રહી છે. માલપુર પોલીસે પેટ્રોલીંગ દરમિયાન ચાર રસ્તા પર શંકાસ્પદ હાલતમાં જોવા મળેલ યુવકને અટકાવી પૂછપરછ કરી પોકેટ કોપ મોબાઈલ એપમાં યુવકનું નામ સર્ચ કરતા યુવક સામે ગાંધીનગર જીલ્લાના દહેગામ તાલુકાના રખિયાલ પોલીસ સ્ટેશનમાં સગીરવયની કિશોરીનું અપહરણના ગુન્હાનો આરોપી હોવાનું જણાઈ આવતા યુવકની અટકાયત કરી રાખીયાલ પોલીસને સુપ્રત કર્યો હતો

માલપુર પીઆઈ એફ.એલ. રાઠોડ અને તેમની ટીમ માલપુર નગરમાં પેટ્રોલીંગ હાથ ધર્યું હતું. માલપુર ચાર રસ્તા પર એક યુવકની શંકાસ્પદ ગતિવિધિ જણાતા તેને અટકાવી પૂછપરછ કરતા તેનું નામ રૂદ્રપાલસિંહ ભરતસિંહ રાઠોડ હોવાનું જણાવતા પીઆઈ એફ.એલ. રાઠોડે યુવકનું નામ પોકેટ કોપ મોબાઈલ એપમાં નાખતા યુવક વિરુદ્ધ રખિયાલ પોલીસ સ્ટેશનમાં સગીરાનું અપહરણનો ગુન્હો નોંધાયેલ હોવાનું અને આરોપી અપહરણનો ગુન્હો આચરી નાસતો ફરતો હોવાથી તેની અટકાયત કરી લીધી હતી. સગીર કિશોરીનું અપહરણ કરનાર વિજાપુર તાલુકાના સોજા ગામનો રૂદ્રપાલસિંહ ભરતસિંહ રાઠોડ શિવમ સોસાયાટી તલોદ (સાબરકાંઠા) માં રહેતો હોવાનું જણાવ્યું હતું. માલપુર પોલીસ રૂદ્રપાલસિંહને રખિયાલ પોલીસને સુપ્રત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. માલપુર પોલિસીની સતર્કતા અને પોકેટ કોપ મોબાઈલ એપ્લિકેશનની મદદથી અપહરણના ગુન્હાનો ભેદ ઉકેલવામાં સફળતા મળી હતી.

# ધનસુરામાં વરલી-મટકાના સ્ટેન્ડનો પર્દાફાશ કરતી એલસીબી પોલીસ

ધનસુરા, તા. ૩૦

અરવલ્લી જિલ્લા



પોલીસવડા સંજય ખરાતે જીલ્લામાં ચાલતી અસામાજિક પ્રવૃતિઓ સામે લાલ આંખ કરી જીલ્લા પોલીસતંત્રને શખ્ત કાર્યવાહી કરવાના આદેશ આપતા સ્થાનિક પોલીસ અને વિવિધ એજન્સીઓમાં રેસ જોવા મળી રહી છે.

અરવલ્લી એલસીબી પોલીસે ધનસુરા પોલીસ સ્ટેશનના નાક નીચે વડાગામમાં ધમધમતા વરલી-મટકાના સ્ટેન્ડ પર ત્રાટકી સ્થાનીક બે શખ્સોને દબોચી લઈ વરલી-મટકાના જુગાર લખવાની ડાયરી સાથે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ધનસુરા પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં દેશી-વિદેશી દારૂની રેલમછેલ અને જુગારધામ, વરલી-મટકાના સ્ટેન્ડ ફરીથી ધમધમી ઉઠ્યા હોવાની બૂમો ઉઠી રહી હતી ત્યારે અરવલ્લી એલસીબી પીઆઈ આર.કે. પરમાર અને તેમની ટીમ ધનસુરા પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન વડાગામ ગામે ટાવર નજીક પાન-મસાલાના ગલ્લા ઉપર ખુલ્લી જગ્યામાં બિરેન્દ્રસિંહ ઉર્ફે પલ્લા બાપુ રાઠોડ તેના મળતીયાઓ સાથે વરલી-મટકાનો જુગાર રમાડતો હોવાની બાતમી મળતા તાબડતોડ એલસીબી પોલીસ બાતમી આધારિત સ્થળે ત્રાટકી વિષ્ણુ ઓધારભાઈ દેસાઈ અને વનરાજસિંહ પૂજેસિંહ બિહોલાને ઝડપી પાડી વરલી-મટકાના આંકાડા લખવા માટે ઉપયોગમાં લેવાતું સાહિત્ય, રોકડ રકમ રૂ.૧૮૦૦ તથા મોબાઈલ નંગ-૧ કીં. રૂ.૫૦૦૦ મળી કુલ રૂ.૬૮૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# ડીસા હાઈવે ઉપર ખુલ્લી ગટરમાં ગાય ફસાઈ : ક્રેનની મદદથી બહાર કાઢી

**જીવદયા પ્રેમીઓ દ્વારા સારવાર અર્થે ગૌશાળામાં મોકલવામાં આવી**

ડીસા, તા.૩૦

બનાસકાંઠા જિલ્લાના વેપારીમથક ડીસા શહેરમાં છેલ્લા કેટલાક સમયથી નગરપાલિકા દ્વારા હાઈકોર્ટ ના હુકમ ની પણ સતત અવગણના કરવામાં આવી



રહ્યું હોય તેવું સ્પષ્ટ જણાઈ રહ્યું છે તાજેતરમાં ગુજરાત હાઈકોર્ટ દ્વારા આ દરેક શહેર તેમજ હાઈવે રોડ ઉપરથી રખડતાં પશુઓને દૂર કરવા માટે ની તાકીદ કરવામાં આવી છે તેમ છતાં પણ કોર્ટ ના હુકમ ને પાલિકા તંત્ર ઘોળીને પી ગયા હોય તેવું દેખાઈ રહ્યું છે ડીસા માં પણ હાઈવે ઉપર રખડતા ઢોર અડિંગો જમાવી બેસી જતા હોય છે અને દિન પ્રતિદિન આ હજારોની સંખ્યામાં રખડતા પશુઓ નજરે પડી રહ્યા છે.તેમજ આ રખડતા પશુઓ ના કારણે નાના મોટો અકસ્માત પણ સર્જાઈ રહ્યા છે.

તો બીજી તરફ આવા રખડતા ઢોર ખુલ્લી ગટરમાં પડી જતા જીવદયા પ્રેમીઓ દ્વારા બહાર કાઢી સારવાર આપવામાં આવે છે ત્યારે ગુરુવારે ડીસા હાઈવે પર આવેલી પાલિકા દ્વારા નિર્મિત ખુલ્લી ગટરમાં એક ગાય પડી જતા તે ફસાઈ જવા પામી હતી અને આ જીવદયાપ્રેમીઓને ધ્યાનમાં આવતા તાત્કાલિક અસરથી ગાયને બહાર કાઢવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી અને ડીસા જલારામ ગૌશાળાને જાણ કરાઈ હતી ત્યારે ગૌશાળાની એમ્બ્યુલન્સ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને તેમજ નેશનલ હાઈવે ઓથોરિટી જાણ કરી ક્રેન દ્વારા ગાયને બહાર કાઢી સારવાર માટે એમ્બ્યુલન્સ મારફતે ગૌશાળામાં ખસેડવામાં આવી હતી

# સાબરકાંઠાના ખેડૂતોને ખેતી ઉપયોગી ઓજારોની સહાય મેળવવા ધરમધક્કા

**૧૧,૯૬૫ ખેડૂતો પૈકી ૨૪૪૨ સહાય માટે પાત્ર બન્યા : અન્ય સાધન સહાય મેળવવા માટે ૫૦ હજારથી વધુ ખેડૂતોએ નોંધણી કરાવી હતી**

હિંમતનગર, તા.૩૦

રાજ્ય સરકાર ધ્વારા ખડૂતોને ખેતી ઉપયોગી યાત્રીક સાધનો અને ઓજારો મેળવવા માટે યોજના બનાવીને ખેડૂતો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે. પરંતુ સહાયતા માટેના અટપટા નિયમોને લીધે મોટાભાગના ખેડૂતો સહાયથી વંચીત રહે છે ત્યારે ગત વર્ષે સાબરકાંઠા જિલ્લામાં ખેતીના ઓજારોની સહાય મેળવવા માટે લગભગ ૧૧,૯૬૫ ખેડૂતોએ અરજી કરી હતી. જે પૈકી ડ્રોના અંતે જિલ્લાના ફક્ત ૨૭૪૨ સહાયતા માટે માન્ય થયા છે. જેના લીધે જિલ્લાના અનેક ખેડૂતોમાં સરકારની આ યોજનાને લોલીપોપ સમાન ગણાવી રહ્યા છે. જોકે ખેતીવાડી વિભાગના અધિકારીઓ પણ ખેડૂતોને મદદ કરવા ઈચ્છતા હોવા છતા નિયમોના બંધનને કારણે લાચારી અનુભવી રહ્યા છે.

આ અંગેની વિગત એવી છે કે રાજ્ય સરકાર ધ્વારા સાબરકાંઠા જિલ્લાના ખેડૂતોને ખેતીના ઓજારો જેવાકે રોટોવેટર, ટ્રેક્ટર, રોટરી સહિતના અન્ય યાંત્રીક સાધનો ખરીદવા માટે કેટલીક રોકડ સહાય આપવાની યોજના બનાવી છે.

જે મુજબ ચાલુ વર્ષે સાબરકાંઠા જિલ્લામાં રહેતા લગભગ ૧૧,૯૬૫ ખેડૂતોએ સહાય માટે ઓનલાઈન અરજી કરી હતી. જેમાંથી લગભગ ૩૬૪૩ ખેડૂતોએ સરકારે માગેલા તમામ દસ્તાવેજી પુરાવા માન્ય રહ્યા બાદ તેમને અગ્રતા ક્રમ આપીને આગળની કાર્યવાહી કરાઈ હતી. જોકે ખેતીવાડી વિભાગે બનાવેલા નિયમો મુજબ ગુજરાતના તમામ જિલ્લાઓમાંથી આવેલી અરજીઓનો ડ્રો કરવાનો નિયમ હોવાથી તે મુજબની કાર્યવાહી કરાઈ હતી. અને અંતે સાબરકાંઠા જિલ્લાના ૨૯૦૨ ખેડૂતો સહાય પાત્ર બન્યા છે પરંતુ તે પૈકીના અનેક ખેડૂતોને સહાય મેળવવા માટે સંલગ્ન વિભાગના ધક્કા ખાવા પડે છે.

ચાલુ વર્ષના પહેલી માર્ચે ઓનલાઈન પોર્ટલમાં અરજી કરવા છતા અનેક ખેડૂતોને અગાઉના વર્ષોની સાધન સહાયનો લાભ મળ્યો નથી જેથી આજ ખેડૂતોએ ચાલુ વર્ષે પણ ફરીથી અરજી કરી છે. છતા સહાયના કોઈ ઠેકાણા નથી. ઉલ્લેખનીય છે કે ચાલુ વર્ષે ખેડૂત પોર્ટલ પર અલગ અલગ સાધનો મેળવવા માટે લગભગ ૫૪,૧૪૫ ખેડૂતોએ અરજી કરવા છતા તેના કોઈ ઠેકાણા નથી. સરકારના આવા અટપટા નિયમોને લીધે ખેડૂતવર્ગ નારાજ છે. જેથી ખરેખર સરકાર ખેડૂતોને મદદરૂપ થવા માગતી હોય તો અટપટા નિયમોને બદલે સરળ નિયમો બનાવીને ખેડૂતોને લાભ આપવો જોઈએ.

# સ્કૂલ બેગમાં વિદેશી દારૂની હેરાફેરી કરતો રાજસ્થાની બુટલેગર ઝડપાયો

મોડાસા, તા. ૩૦

ગાંધીના ગુજરાતમાં દારૂબંધી નામ પૂરતી



રહી છે, રાજ્યના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં શરાબના શોખીનો વધતા બુટલેગરોનો પણ ટોટો નથી, વિદેશી દારૂની માંગો તે બ્રાન્ડનો દારૂ સહેલાઈથી મળી રહ્યો છે, બુટલેગરો વિદેશી દારૂ ઘુસાડવા અનેક પ્રકારના કીમિયા અપનાવી રહ્યા છે. ત્યારે સ્કૂલબેગમાં વિદેશી દારૂની મોંઘીદાટ દારૂની હેરાફેરી શરૂ થતા પોલીસ પણ અચંબિત બની છે. મોડાસા ટાઉન પોલીસે ડુંગરવાડા ચોકડી નજીકથી બે સ્કૂલબેગ સાથે પસાર થતા શખ્સને અટકાવી સ્કૂલબેગની તલાસી લેતા બેગમાંથી ૩૦ બોટલ વિદેશી દારૂની બોટલ મળી આવતા રાજસ્થાની ખેપીયાની ધરપકડ કરી કાયદેસરની


**મોડાસા ટાઉન પોલીસે રાજસ્થાની બુટલેગરને ડુંગરવાડા ચોકડી નજીકથી ૩૦ બોટલ સાથે ઝડપ્યો**

કાર્યવાહી હાથ ધરી હતી.

મોડાસા ટાઉન પીઆઈ સી.પી. વાઘેલા અને તેમની ટીમે બાતમીના આધારે ડુંગરવાડા ચોકડી નજીકથી બે સ્કૂલબેગ ભરાવી પસાર થતા ખેપીયાને અટકાવી તલાસી લેતા સ્કૂલબેગમાંથી વિદેશી દારૂની બોટલ નંગ ૩૦, કીં. રૂ.૬૦ હજારનો જથ્થો મળી આવતા ટાઉન પોલીસે સ્કૂલબેગમાં દારૂની ખેપ મારી રહેલા લાલચંદ કનૈયાલાલ અસારી (રહે, ભોમટાવાડા, ખેરવાડા-રાજસ્થાન)ને દબોચી લઈ વિદેશી દારૂ, મોબાઈલ મળી કુલ રૂ.૩૧૦૦૦૦ નો જથ્થો જપ્ત કરી પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# દાંતીવાડા ડેમમાંથી કેનાલમાં ૨૦૦ ક્યુસેક પાણી છોડાયું

**રવિ સિઝનમાં પાંચ પિયત પાણી અપાશે : બનાસકાંઠા-પાટણના ૧૧૦ ગામને ફાયદો**





દાંતીવાડા, તા. ૩૦

આજથી બનાસકાંઠાના જીવાદોરી સમાન દાંતીવાડા ડેમમાંથી ખેડૂતોને સિંચાઈ માટે પાણી આપવાની શરૂઆત કરાઈ છે. જેના કારણે બનાસકાંઠા અને પાટણ જિલ્લાના ૧૧૦ જેટલા ગામોને પાણી મળવાથી ૧૭હજાર હેક્ટર જમીનમાં સિંચાઈ માટે પાણી મળી રહેશે. ઉપરવાસમા ચાલુ વર્ષે ચોમાસામાં ભારે વરસાદના કારણે દાંતીવાડા ડેમમાં પાણીની ખૂબ આવક થઈ હતી. દાંતીવાડા ડેમમાં અત્યારે ૫૯૧ ફુટ જેટલું પાણી ભરાયેલું હોવાથી આગામી ફેબ્રુઆરી સુધીમાં પાંચ વખત પાણી આપવાનું સિંચાઈ વિભાગે જણાવ્યું છે.

બનાસકાંઠા જીલ્લાના દાંતીવાડા ડેમમાંથી ખેડૂતોને સિંચાઈ માટે પાણી આપવાનું શરૂ કરવામાં આવ્યુ છે. આજથી જ ૨૦૦ ક્યુસેક પાણી કેનાલ મારફતે છોડવામાં આવી રહ્યું છે. જેમાં આગામી ફેબ્રુઆરી મહિના સુધીમાં ૫ વખત ખેડૂતોને પિયત માટે પાણી આપવામાં આવશે. જેનો લાભ બનાસકાંઠા અને પાટણ જીલ્લાના સરેરાશ ૧૧૦ ગામના ખેડૂતોને મળશે.

સૂત્રોએ જણાવ્યુ હતુ કે ગત વર્ષે દાંતીવાડા ડેમમાં નહિવત પાણી હોવાના કારણે આજુબાજુના વિસ્તારના ખેડૂતોને સિંચાઈ માટે પાણી મેળવવામાં થોડી મુશ્કેલી રહેતાં ખેતી પાકને કેટલાક અંશે નુકસાન થયું હતું. દાંતીવાડા ડેમ બનાસકાંઠા જિલ્લાની જીવાદોરી સમાન છે. આ વર્ષે ભારે વરસાદના કારણે દાંતીવાડા ડેમમાં મોટા પ્રમાણમાં પાણીની આવક થતાં બનાસકાંઠા અને પાટણ જિલ્લાના ૧૧૦ ગામની સરેરાશ ૧૭,૦૦૦ હેક્ટરથી વધુ જમીનને સિંચાઈ માટે મોટી રાહત થઈ છે.